ગુજરાત ઇન્ફોમાટિકસ લિમાટેડ મારફતે
આઉટસોર્સથી ડેટા એન્ટ્રી ઓપરેટરની
સેવાઓ પૂરી પાડવા અંગે

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગં,
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૩/૪૬૨૭/આઇટી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬-૦૮-૨૦૧૫

**સંદર્ભ: (૧)મે.જીઆઇએલનો તા.૦૧/૦૮/૨૦૧૫ નો વર્ક ઓર્ડર ક્રમાંક:GIL/Manpower Tender/227-1/2015/1100996** ના બિડાણની તા.૧૦/૦૮/૨૦૧૫ની યાદી

**(૨) ક્રમાંક(૧)ની તા.૨૫/૦૮/૨૦૧૫ ની** સુધારા યાદી.

**પરિપત્ર:-**

ગુજરાત ઇન્ફોર્મેટિકસ લિમીટેડે પોતાની જરુરિયાત માટે આઉટસોર્સથી ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ પૂરી પાડવા ૬ એજન્સીઓને એમપેનલ કરવા અંગેનો નિર્ણય કરેલ છે જે ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમીટેડના બોર્ડની મંજૂરી મેળવીને આખરી કરેલ છે.

2. ભૂતકાળમાં આઉટસોર્સથી સેવાઓ મેળવવા અંગે કોમ્પ્યુટરને લગતી તમામ સેવાઓ માટે ગુજરાત ઇન્ફોર્મેટિકસ લિમીટેડ મારફત ટેન્ડરીંગની કામગીરી કરી એજન્સીઓ આખરી કરવામાં આવી છે. આ કિસ્સામાં ગુજરાત ઇન્ફોર્મેટિકસ લિમીટેડે પોતાના હેતુઓ માટે આ કામગીરી આખરી કરી હોઇ અને ઓપન ટેન્ડર મારફત એજન્સી એમપેનલ કરેલ હોઇ, સરકારશ્રીના વિભાગો અને કચેરીઓમાં આઉટસોર્સથી ડેટા એન્ટ્રીની કામગીરી કરવાની થાય તો ગુજરાત ઇન્ફોર્મેટિકસ લિમીટેડ દ્વારા એમપેનલ કરેલ એજન્સીઓ પૈકી કોઇ એજન્સીને સરકારના વિભાગો / કચેરીઓ કામગીરી સોંપી શકશે તે મુજબ સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે અને જીઆઇએલ દ્વારા આ વખતે જાહેર કરેલ આદેશમાં અગાઉની જેમ સરકારશ્રીના વિભાગો / કચેરીઓને ને પણ ગુજરાત ઇન્ફોર્મેટિકસ લિમીટેડ દ્વારા નક્કી કરેલ એજન્સીઓ પાસેથી આઉટસોર્સથી સેવા મેળવવા અધિકૃત કરતી સુધારા યાદી બહાર પાડવામાં આવેલ છે. તે મુજબ જરૂરીયાત મુજબ સરકારના વિભાગો તથા તેના તાબા હેઠળની કચેરીઓ/સંસ્થાઓ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ મેળવી શકશે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૨૪/૦૮/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય શાહ)
ઉપ સચિવ(આઇ.ટી)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

પ્રતિ,

માન. મુખ્યસચિવશ્રીના નાયબસચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
સિલેક્ટ ફાઇલ